# ડીસાના આનંદ બંગલોઝમાં અઢી લાખની ઘરફોડ ચોરી

## ડીસા શહેર પોલીસે ડોગસ્કોડ અને એફ.એસ.એલ. મદદથી હાથ ધરી તપાસ

ડીસા, તા. ૮

ડીસામાં હાઇ-વે વિસ્તારમાં આવેલ આનંદ બંગલોઝ સોસાયટીમાં ધોળા દિવસે અજાણ્યા તસ્કરોએ ઘરફોડ ચોરી કરી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે ગુનો દાખલ કરી ડોગસ્કોડ અને એફ.એસ.એલ. મદદથી ધોરણસર તપાસ હાથ ધરી હતી.


જેની મળતી વિગતો જોતા ડીસા શહેરી વિસ્તારમાં થોડા સમય વિરામ લીધાબાદ ઘરફોડ ચોરો પુનઃ સક્રીય બનેલ છે. જેમાં હાઇ-વે વિસ્તારમાં આવેલ આનંદ બંગલોઝ સોસાયટીમાં રહેતા મહેન્દ્રભાઇ રામ"સાદભાઇ ઠરના બંધ મકાનને અજાણ્યા તસ્કરોએ ધોળે દિવસે નિશાન બનાવ્યું હતું. જેમાં મકાન માલીક મહેન્દ્રભાઇ દુકાને ગયેલ હતાં. જ્યારે તેમના બાળકો ટ્યુશનમાં ગયા હતાં. અને તેમની પત્ની ભાગવદ્ ગીતા સાંભળવા ગયા હતાં. તે તકનો લાભ લઇ અજાણ્યા તસ્કરો મકાન ઉપર ચઢી સીડીનો દરવાજો તોડી ઘરમાં ઘુસ્યા હતાં. અને તીજોરીમાં પડેલ રૂા. ૧૫૦૦૦ રોકડા તથા સોનાનું મંગળસુત્ર,ચેઇન તેમજ અન્ય દાગીના સાથે સાડા ચાર તોલા સોનું તેમજ ચાંદીની તોડીયો તથા અન્ય દાગીના સહીત એક કીલ્લો બસ્સો ગ્રામ ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. ધોળે દિવશે ગણતરીની મીનીટોમાં મકાનમાંથી અંદાજીત અઢી લાખનો મુદ્દામાલ ચોરી કરી અજાણ્યા તસ્કરો ભાગી છુટ્યા હતાં. જે બાદ ઘેર આવેલા મકાન માલીકને આ ચોરીની જાણ થતા તેમને આ મામલાની ડીસા શહેર પોલીસ મથકે ફરીયાદ આપી હતી. આ મામલે ડીસા શહેર પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ચોરીનો ગુનો દાખલ કરી ડોગસ્કોડ અને એફ.એસ.એલ. મદદથી તસ્કરોને ઝડપવા કવાયત હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસા શહેરી વિસ્તારમાં છેલ્લા ચાર વ"ર્ષમાં સૌથી વધારે ક્રાઇમ ઘરફોડ ચોરીનું નોંધાયેલ છે. અંદાજીત ચાર વ"ર્ષમાં શહેરી વિસ્તારમાંથી કરોડોની મત્તા ચોરીના બનાવોમાં શહેરીજનોએ ગુમાવી છે. દારૂના કેશો ડીટેક કરતી સ્થાનીક ગુના શોધક



શાખા અને ડીસ્ટાફ ચોરીના ગુનાના તસ્કરોને ઝડપવા કામના વધારે પડતા ભારણથી કામયાબ નિવડેલ નથી. આ તમામ ચોરીઓ એજ "કારની ગુનો કરવાની પધ્ધતિથી થાય છે. ગણતરીની મિનિટોમાં ધોળા દિવશે ભરચક રહેણાંક વિસ્તારોમાં ચોરી કરી ભાગી છુટતા તસ્કરો અન્ય વિસ્તારના હોય તો ચોસ સ્થાનિકોની નજરમાં આવી જાય પરંતુ સભવિત રીતે આ તસ્કરો આ વિસ્તારના હોઇ સકે છે. જેથી સ્થાનિકોની નજરમાં તેવો અજાણ્યા ઈસમો તરીકે ન આવતા તેવો બીન્દાસ જેતે વિસ્તારમાં ઘુસી બંધ મકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપે છે. શહેર પોલીસ ક્રાઇમ દફતરે આવા રીઢા અને રેકર્ડમાં ઘરફોડ ચોર તરીકે નોંધાયેલા ઈસમોની કડકાઇએ તપાસ કરે તો ચોરીના ગુનાઓ ડીટેક થઇ શકે છે. જોકે થાડા સમય સુધી બંધ રહેલ ચોરીનો સીલસીલો પુનઃ ચાલુ થતા શહેરીજનોમાં તસ્કરોનો ભય ફેલાયો છે.

ફોટો કેપ્સનઃ- -- ડીસામાં ઘરફોડ ચોરોએ ફુલ ગુલાબી ઠંડીની મોસમમાં ધોળા દિવસે એક મકાનને નિશાન બનાવી અંદાજીત અઢી લાખની મત્તાની ચોરી કરી હતી. જેનાથી અજાણ્યા તસ્કરોનો શહેર ભરમાં ભય ફેલાયો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા રૂરલ પોલીસ ટ્રાફીક વિભાગ દ્વારા ૨૪મો માર્ગ સલામતી સપ્તાહ ઉજવાયો

બનાસકાંઠા જીલ્લા ટ્રાફૂક પોલીસ દ્વારા ૨૪મો માર્ગ સલામતી સપ્તાહ ઉજવાઈ રહ્યો છે. માર્ગ પરના અકસ્માતો અટકે તે માટે ટ્રાફીક નિયમોના પાલન માટે ટ્રાફીક પોલીસ દ્વારા વાહન ચાલકોને ટ્રાફીક નિયમન અંગેનું જ્ઞાન આપવામાં આવે છે. ત્યારે ડીસા ખાતે તાલુકા પોલીસ ટ્રાફીક વિભાગ દ્વારા આખોલ ચાર રસ્તા પાસે વાહન ચાલકોને ગુલાબનું ફુલ આપી તેમજ વાહનોને સ્ટીકર લગાવી નિયમો અંગે વાહન ચાલકોને સમજણ આપી હતી. ડીસા તાલુકા ટ્રાફીક વિભાગ ના જમાદાર ચમનલાલ ની ટીમ સવારે આખોલ ચાર રસ્તા પાસે માર્ગ સપ્તાહની ઉજવણી માટે પહોંચી હતી. ત્યા ટુ વ્હીલર ચાલકોને હેલ્મેટ પહેરવું વાહન ગતી મર્યાદામાં ચલાવવું તેમજ કાર ચાલકોને બેલ્ટ બાંધવા અને જરૂરી વાહનોના કાગળો સાથે રાખવા અને માર્ગો પર લગાવવામાં આવેલ ટ્રાફીક અંગેના સુચનોનું ફરજીયાત અમલ કરવો તે માટે વાહન ચાલકોને વિનંતી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે. કે ડીસા તાલુકા અને શહેરમાં ટ્રાફીકના પુરતા સમજણને અભાવે વાહન અકસ્માતોનું પ્રમાણ ઘણું ઉંચુ છે. તેમજ ૧૮ થી નિચેની વયના બાળકોને વાહન હંકારવા ન આપવા અંગેની પણ લોકોને માહિતી આપી હતી.

## કાંકરેજના વરસડા ગામે બળાત્કારની ઘટના બનતા ચાર શખ્સો સામે ફરિયાદ

કાંકરેજ, તા.૮

રાજધાની દિલ્હીમાં થોડા દિવસો પહેલા બની સામુહિક બળાત્કારની ઘટના હજુ તો શમી નથી ત્યાં તો આજે થરા પોલીસ સ્ટેશનમાં કાંકરેજ તાલુકાના વરસડા ગામની સગીરાએ વરસડાના સરપંચ સહિત ચાર શખ્સો વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાંકરેજ તાલુકાના વરસડા ગામની સગીરા ગત ૨૭મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સાંજના સમયે કુદરતી હાજતે જતા વરસડાના ચાર નરાધમો અંબારામ દેવણજી ઠાકોર, ગણપતજી બીજોલજી, પોપટજી રામચંદ્રજી અને અમરતજી નાગજી તમામે (રહે. ઠાકોર વાસ રહે. વરસડા) છરીની અણીએ બાઈક પર બેસાડી ઉપાડી ગયા હતા અને મારી નાખવાની ધમકી આપી અવાવરૂ ઘરમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો જે અંગે સગીરાએ થરા પોલીસમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રાંતિજમાં લીલાં વૃક્ષોનું બે રોકટોક નિકંદન

પ્રાંતિજ, તા. ૮


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને સલાલ વિભાગના ગ્રામ્ય વિસ્તારોમાંથી ગામો તથા સીમ શેઢે આવેલા લીલાછમ વૃક્ષોનું જગજાહેર નિકંદન થઈ રહ્યું છે. આ તમામ વૃક્ષોનાં લાકડાં પ્રાંતિજ-સલાલ, તાજપુર સહિતની શૉ-મિલોમાં આસાનીથી ઠલવાઈ રહ્યા છે. પ્રદૂષણ નિયંત્રણના હિમાયતીઓને પુછતા તેમણે જણાવ્યું હતું કે શો મીલ અને જંગલખાતાની મહેરબાનીથી તાબડતોબ માલ પ્રોસેસીંગ કરી સગેવગે કરી નાખવા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પ્રાંતિજ તાલુકામાં ઔદ્યોગિકકરણથી પ્રદૂષણથી બચાવવા કુદરતી સંપતી ગણાતા વૃક્ષો એક માત્ર માનવજાતની રક્ષા કરે છે ત્યારે નિકંદન થતું વૃક્ષછેદન અટકાવવું તે જરૂરી થઈ પડે છે. સરકાર અને જંગલખાતુ ખુદ વરસાદ લાવવા અને પ્રદૂષણ સુધારવા કરોડો રૂપિયાના પ્રોજેક્ટો બનાવી ખર્ચા કરી વૃક્ષો વાવણીના કામો કરે છે અને સ્વૈચ્છિક સંસ્થાઓને પણ જોતરે છે ત્યારે જંગલ ખાતાની જ રહેમતળે પ્રાંતિજ અમીરપુર પંથકમાં લીલાછમ્મ વૃક્ષો અને તેમાંય સરકારની મંજુરી લઈને કાપવાના થતા વૃક્ષો પણ રાત્રે કે રજાના દિવસોમાં કપાતા હોય છે. સાથોસાથ લીલા લાકડાંનું વૃક્ષો જુદી જુદી પ્રોસેસિંગ થઈ બારોબાર વેચી મારવામાં આવતું હોય છે. આ મામલે તંત્ર જાગે તો ખરેખર ચોંકાવનારી વિગતો બહાર આવે તેમ છે.

## જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું

બાયડ, તા. ૮

જાયન્ટસ ગ્રુપની આગેવાની હેઠળ ધાબળા વિતરણનો કાર્યક્રમ યોજાયો. બાયડમાં કાતીલ ઠચંડીથી જન જીવન ઠુંઠવાઈ ગયું છે. ત્યારે જાયન્ટસ ગ્રુપ બાયડ દ્વારા બાયડમાં સોપીંગ સેન્ટરો તથા બહાર ખુલ્લામાં વસવાટ કરતા ગરીબોને રાત્રીના સમય દરમ્યાન જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધાબળા વિતરણ કાર્યક્રમમાં સ્થાપિત પ્રમુખ ડૉ. મનહરભાઈ બ્રહ્મભટ્ટ, જાયન્ટસ પ્રમુખ ગિરીશ પટેલ અને ભારતીબેન સોની અતુલભાઈ પ્રજાપતિ પૂર્વ પ્રમુખ ધર્મેશ સોની ઉપસ્થિત રહ્યા હતા.



## ડીસામાં દબાણદારોને માત્ર દંડ અપાયો : દબાણ હેમખેમ

ડીસા શહેરમાં દબાણોની સમસ્યા માથાના દુઃખાવા સમાન બની રહી છે. પરંતુ નગર પાલિકા દ્વારા વારંવાર દબાણ હટાવવાના નામે નાટક કરાઈ રહ્યા હોવાનો આક્રોશ લોકોમાં જોવા મળી રહ્યો છે. આજ રોજ પણ નગરપાલિકાની ટીમે દબાણ હટાવવાની રજુઆત કરી હતી પરંતુ તેમાં માત્ર કામ ચલાઉ શેડ ઉતરાવી પાવતી આપી સંતોષ માની લીધો હતો. ડીસા નગરપાલિકા દ્વારા સવારે મોટા ઉપાડે દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ કરાઈ હતી. ટ્રેક્ટર સાથે નિકળેલી ટીમે બગીચાથી બસસ્ટેન્ડ સુધી દબાણ હટાવવાનું શરૂ કર્યુ હતું. પરંતુ પાલિકાએ મામલતદાર કચેરી સામે એક પણ દબાણ હટાયું ન હતું. દબાણ કર્તાઓને માત્ર દંડ ફટકારી દબાણ યથાવત રાખવામાં મુક સંમતિ અપાઈ હોય તેવી સ્થિતી જોવા મળી હતી. અગાઉ ડીસા શહેરમાં મામલતદાર કચેરી સામે ૬૪ દુકાનો જમીન દોસ્ત કરી દેતા નાના વેપારીઓ આજે પણ ન્યાય મેળવવા માટે લડત ચલાવી રહ્યા છે. ત્યારે કેટલાક પરપ્રાંતિય ઈસમો અવાર-નવાર આ જગ્યા પર દબાણ કરી ધંધો શરૂ કરી દે છે.મામલતદાર કચેરી સામે છેલ્લા એક વર્ષથી પરપ્રાંતિય ઈસમોનું દબાણ છે. જે દબાણ હટાવ ઝુંબેશમાં દુર કરવાને બદલે પાલિકા માત્ર દંડ ફટકારી સંતોષ માની લેછે. શહેરમાં આ સિવાય પણ કેટલાક પરપ્રાંતિય ઈસમોના દબાણ નગરપાલિકા વર્ષોથી હટાવી શકી નથી ત્યારે પાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશમાં કરાતી વહાલા દવલાની નીતી અને દબાણ ના નામે ભજવાતા નાટકો શહેરવાસીઓમાં ચર્ચાસ્પદ બન્યા છે. એક તરફ શહેરમાં કુદકે અને ભુસકે વધી રહેલા વાહનો ને કારણે માર્ગો પ્રતિદીન સાંકડા બની રહ્યા છે. ત્યારે બીજી તરફ રોજે રોજ થઈ રહેલા દબાણોને અટકાવવા તંત્ર નિષ્ફળ નિવડતા આગામી સમયમાં પરિસ્થીતી ખુબજ વણસે તેવી શક્યતા જોવા મળી રહી છે.

## વિજાપુર તાલુકાના ધનપુરામાં કપૂત દ્વારા જનેતાની નિર્મમ હત્યા

મહેસાણા, તા.૮

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના ધનપુરા (ઘાંટુ) ગામે નશાની ટેવવાળા એક કપૂતે સગી જનેતાને કુહાડીના તીક્ષ્ણ ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં આ જઘન્યકૃત્ય આચરનાર પુત્ર સામે લોકોમાં ભારે ફિટકારની લાગણી પ્રસરી છે. સગા પુત્ર એ જ રાત્રિના સમયે વયોવૃધ્ધ માતાને મોતને ઘાટ ઉતારી દેતાં સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી જવા પામી છે.

વિગત એવી છે કે, ધનપુરા (ઘાંટુ) ગામે રહેતા કાંતાબેન અંબારામ સાધુ ઉ.વ. ૭૩ છૂટક મજૂરી કરીને કુટુંબનો જીવન નિર્વાહ ચલાવતા હતા. આ વૃધ્ધાનો દિકરો વિષ્ણુ દારૂ પીવાની ટેવવાળો હોઈ અવાર નવાર વૃધ્ધા પોતાના દિકરાને ઠપકો આપતી હતી તેમ છતાં તેની કુટેવ છોડતો ન હતો અને આથી મા અને દિકરા વચ્ચે તકરાર થતી હતી. દરમિયાન રાત્રિના સમયે આ વૃધ્ધા ઘરમાં સુઈ રહ્યા હતા ત્યારે નશામય હાલતમાં વિષ્ણુ ઘરે આવ્યો હતો અને પોતાની સગી જનેતા પર કુહાડીથી જીવલેણ હુમલો કરતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું. કહે છે કે, જીવલેણ હુમલાથી પણ સંતોષ ન થતાં આ રાક્ષસે જનેતાના મૃતદેહ પર જવલંતશીલ પ્રવાહી છાંટીને સળગાવી દેવાની હિન કોશિશ કરી હતી. આ કરૂણ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી સાથે કળિયુગના દિકરા એવા મહારાક્ષસ સામે લોકોમાં ભારે ફિટકારની લાગણી પ્રસરી હતી. આ બનાવ અંગે વિજાપુર પોલીસે ખૂનનો ગુનો દાખલ કરી આરોપી વિષ્ણુ સાધુને પકડી પાડી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## બનાસડેરી ઉત્પાદન નામે વેચાતા પશુઆહાર દાણાની ૭૦ બોરી ઝડપાઈ

ડીસા તાલુકાના મોરથલ ગોળીયા ગામે આજે મળેલ બાતમી આધારે બનાસડેરીની એક સ્પેશિયલ ટીમે દરોડો પાડ્યો હતો. જેમાં મોરથલ ગોળીયા દૂધ ઉત્પાદક મંડળીના એક વ્યક્તિના કબજામાંથી બનાસડેરી ઉત્પાદક નામના માર્કાવાળી પરંતુ નકલી એવી ૭૦ બોરીઓ પશુહાર દાણ મળી આવ્યું હતું. આ પશુઆહારનું દાણ ખેડૂતો અને પશુપાલકો બનાસ ડેરીનું ઉત્પાદન હોવાનું માની ઘણા સમયથી ખરીદી પશુઓને આપતા હતા. આ મામલે બનાસ ડેરીના મેનેજર ડૉ. હરીભાઈએ ઝીણવટભરી તપાસ હાથ ધરેલ છે.

ડીસા તાલુકાના મોરથલ ગોળીયા ગામ આવેલ દૂધ મંડળીનો મંત્રી નરશીંહભાઈ સુંદેશા નફો મેળવવાની લાલચે બનાસડેરી પાલનપુર દ્વારા ઉત્પાદીત - પશુઆહાર દાણાના માર્કાવાળી બોરીઓમાં અન્ય નકલી દાણ ભરી વેચી રહ્યો હતો. જો કે આ મામલાની સ્થાનિક ખેડૂત અને ડેરીના સભ્ય ગોવિંદભાઈ માળીને જાણ થતા તેમને આ મામલાની જાણ બનાસ ડેરી મેનેજીંગ ડિરેક્ટરને કરી હતી જે આધારે આજરોજ બનાસડેરીના પાંચ અધિકારીઓએ મોરથલગોળીયા દૂધ મંડળીની ગોડાઉનમાં દરોડા પાડી અંદાજીત ૭૦ જેટલી દાણાની બોરીઓ ઝડપી હતી. અધિકારીઓની પ્રાથમિક તપાસમાં આ દાણા નકલી હોવાનું અને હલકી ગુણવત્તાવાળા હોવાનું બહાર આવ્યુંહતું. આ દૂધમંડળીના મંત્રી દ્વારા આવુ હલકુ ગુણવત્તા વિનાનું દાણ માહે એપ્રિલ-૨૦૧૨થી અયાર સુધીમાં અંદાજીત ૧૨૭૦ બોરી વેચાવાનું પણ બહાર આવેલ છે. આ મામલો બહાર આવતા ખેડૂતોમાં આક્રોશ જોવા મળ્યો હતો. આ દાણથી દૂધ અને ફેટ ઘટ્યા હોવાનું પશુપાલકોએ જાહેર કરેલ છે. આ મામલે બનાસડેરી સંચાલક મંડળ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ દોષિતો સામે ધી કોપીરાઈટ એક્ટ સહિત બનતા ગુનાઓ મુજબ કાર્યવાહી હાથ ધરવા તજવીજ હાથ ધરાયેલ છે.



## બાળકોનો ચમત્કારીક બચાવ

સાબરકાંઠા જીલ્લામાં દિન પ્રતીદીન અકસ્માતો ની સંખ્યામાં વધારો થતો જાય છે જયારે હાલ સમગ્ર રાજય માં અકસ્માત્તો ની સંખ્યા માં ઘટાડો કરવા માર્ગ સલામતી સપતાહ ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ શ્રીશ્રી બાલમંદીર ની સ્કુલ વાન વાત્રક નજીક ગટર માં ઉતરી પડી પલટી ખાધી હતી જોકે સદભાગ્યે આઅકસ્માત માં અંદર બેઠેલા બાલમંદીર ના ભુલકાઓ નો આબાદ રીતે બચાવ થયો હતો. આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ ખાતે ગાબટ રોડ ઉપર આવેલી શ્રી શ્રી બાલમંદીર ની નાના ભુલકાઓ ભરેલી સ્કુલ વાન લઈ ને ડ્રાઈવર નરેન્દ્રસીહ અગરસિંહ સોલંકી(રહે.પટેલ ના મુવાડા) પોતાના નીત્ય ક્રમ મુજબ બાયડ ની શ્રી શ્રી બાલમંદીર માં ભણતા ભુલકાઓ ને ઉતારવા બાયડ માં જવાનુ હતુ પરંતુ સ્કુલ વાનના ચાલકે મગજ પર કોઈ અંગત બીમારી ને કારણે ભાન ભુલાવતા બાળકો ને બાયડ ઉતારવાની જગ્યાએ સકુલવાનને વાત્રક તરફ હંકારી મુકી હતી ચાલકે આમ ગાડી હંકારી મુકતા અંદર બેઠેલા ભુલકાઓ ગભરાઈ ગયા હતા અને રોકકડ કરી મુકી હતી અને ચાલકે ગાડી પરનો કાબુ ગુમાવી સ્કુલ વાનને વાત્રક નજીક ગટર માં ઉતારી દેતા આ વાન પલટી ખાઈ ગઈ હતી જો કે કહેવત છે “ રામ...રાખે..તેને..કોણ ..ચાખે..”તે કહેવત સાર્થક થઈ હોય તેમ આ વાન માં બેઠેલા ભુલકાઓ નો ચમત્કારી બચાવ થયો હતો. (તસવીર : સમીર બલોચ, બાયડ)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮